




**ૐ શનૈશ્ચરાય નમઃ ઠેર ઠેર શનિદેવની હૈયાના હેત સાથે ઉજવણી** આજે શનિદેવ જયંતીની રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર–કચ્છમાં ભકિતભાવ સાથે થઈ રહી છે. શનિ મહારાજને ન્યાયના દેવતા કહેવાય છે. શનિનું જન્મ સ્થળ સૌરાષ્ટ્ર છે હાથલામાં હજારો લોકો શનિ મહારાજને હૈયાના હેતથી વંદના કરવા આવી પહોંચ્યા છે. સુર્યપુત્ર શનિદેવ આજે સાંજે ૭.૨૯ કલાકે ધન રાશિમાં પરિભ્રમણ કરશે આજે શનિદેવની આરાધના અનેક ફળ આપનારી બની રહેશે. શનિ માત્ર દુઃખ જ આપતો નથી પણ સુખ, શાંતિ, આધ્યાત્મિકતા અને મોક્ષ પણ આપે છે અર્થાત શનિદેવ નડતર નહિ પરંતુ સાચું ઘડતર કરે છે. રાજકોટમાં જયુબેલી ગાર્ડનમાં ૩૫૦ વર્ષ જુનુ સાત હનુમાનજીનું મંદિર આવેલું છે છેલ્લા ૫૦ વર્ષથી નવગ્રહનું મંદિર જે સૌરાષ્ટ્રમાં એક માત્ર છે. નવગ્રહ મંદિરમાં દર શનિ જયંતિના વિશિષ્ટ અનુષ્ઠાનો યોજાય છે. સવારના છ થી મોડી રાત સુધી ભકતોનો પ્રવાહ અવિરત વહે છે. આજે સવારે શનિદેવની જયંતી નિમિતે કેક કટીંગ કરવામાં આવેલ ત્યારબાદ યજ્ઞનું આયોજન કરવામાં આવેલ. ભકતોએ શનિદેવનો અભિષેક તથા પૂજા કરીને ભાવવંદના કરી હતી. મંદિર તરફથી રક્ષાપોટલી સહિતની વસ્તુઓ પ્રસાદરૂપે દર્શનાર્થીઓને આપવામાં આવેલ. ઉપરોકત તસ્વીરમાં પ્રથમ શનિ મહારાજની પ્રતિમા જોવા મળે છે, બીજી તસ્વીરમાં શનિ મહારાજની પૂજા કરતા ભકતો જોવા મળે છે, શનિ મહારાજની પ્રતિમા પાસે કેક મુકાયેલી જોવા મળે છે. ત્રીજી તસ્વીરમાં કેક અને છેલ્લી તસ્વીરમાં શનિ મહારાજના દર્શનાર્થે આવેલા લોકોની કતાર જોવા મળે છે. (તસ્વીર : અરવિંદ વાઘેલા)

### કાળઝાળ ગરમી વચ્ચે ભેજવાળા વાતાવરણથી સૌરાષ્ટ્ર કચ્છમાં સ્વાઈન ફલુનો ફૂંફાડો યથાવત

# વઢવાણની સગર્ભાને સ્વાઈન ફલુ ભરખી ગયો : રાજકોટ સિવિલમાં વધુ ચાર કેસ

## ઝાલાવાડમાં માત્ર પખવાડીયામાં જ ત્રણ વ્યકિત મહામારીનો ભોગ બની : જુનાગઢની બે મહિલાનો રીપોર્ટ પોઝીટીવ આવતા રાજકોટ સરકારી હોસ્પિટલમાં ચાર દર્દીને અપાતી સઘન સારવાર

રાજકોટ–વઢવાણ તા.૨૫

સમગ્ર સૌરાષ્ટ્ર કચ્છમાં ચાલતા કાળ ઝાળ ગરમીના દૌરમાં પણ મહામારી સ્વાઈન ફલુ હજુ કેડો મુકતી નથી. છેલ્લા પખવાડીયાથી વધુ સમયથી કહેર મચાવતા સ્વાઈન ફલુની મહામારીનો વાયરસ વધુ ત્રણ જિંદગીને ભરખી ગયો છે. જેમાં ગઈકાલે વઢવાણમાં સગર્ભા મહિલાનું મોત નિપજયું હતુ તો જુનાગઢ જિલ્લાના વધુ ત્રણ દર્દીના રિપોર્ટ પોઝીટીવ આવ્યા છે અને રાજકોટની સરકારી હોસ્પિટલમાં ચાર દર્દી દાખલ છે. જેમાં ત્રણનો રીપોર્ટ પોઝીટીવ છે એકનો રીપોર્ટ આવવાનો બાકી છે.

**રાજકોટ**

રાજકોટ શહેરમાં સ્વાઈન ફલુએ છેલ્લા પાંચ માસમાં છ લોકોના જીવ લીધા છે. એવામાં ગઈકાલે વધુ એક વૃધ્ધાનું મોત થતાં આરોગ્યતંત્ર દોડતુ થયુ છે. બીજી બાજુ જુનાગઢ પંથકની બે મહિલા સહિત ત્રણ દર્દીના સ્વાઈન ફલુ રિપોર્ટ પોઝીટીવ આવતા ભર ઉનાળે આ બિમારીએ હાહાકાર મચાવ્યો છે.

મળતી વિગતો મુજબ રાજકોટ શહેરમાં પંચનાથ પ્લોટમાં રહેતા ૭૫ વર્ષીય વૃધ્ધા છેલ્લા એક માસથી ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ હતાં. તેમનો સ્વાઈન ફલુ રીપોર્ટ પોઝીટીવ આવ્યો હતો. ગંભીર બિમારીમાં પટકાયેલા વૃધ્ધની સારવાર ચાલુ હતી એ દરમિયાન ગઈકાલે બપોરે જ તેમણે છેલ્લા શ્વાસ લીધા હતા.

બીજી બાજુ જુનાગઢ પંથકના ૫૦ વર્ષીય શારદાબેન, ૨૮ વર્ષીય જીજ્ઞાસાબેન તથા જામનગર પંથકના રમેશભાઈ (ઉ.૪૫)ને સારવાર માટે રાજકોટના સ્વાઈન ફલુ વોર્ડમાં રાખવામાં આવ્યા હતા. તેમના મેડીકલ રીપોર્ટ પણ પોઝીટીવ આવ્યા હોવાનું જાણવા મળે છે. આકરો તાપ વરસી રહયો છે. એવા સમયે જ સ્વાઈન ફલુના એક પછી એક કેસ સામે આવી રહયા છે. જામનગરના ૪૫ વર્ષીય કેશવજીભાઈને પણ સ્વાઈન ફલુના લક્ષણો જણાતા તેમને સારવાર માટે રાજકોટ ખસેડવામાં આવ્યા છે. જો કે હજુ સુધી તેમને રિપોર્ટ આવ્યો નથી. ઉલ્લેખનીય છે કે છેલ્લા પાંચ માસમાં રાજકોટમાં જોવા મળેલા સ્વાઈન ફલુના કેસો પૈકી કુલ ૧૬ લોકોના મૃત્યુ થયા છે. એમાંથી પાંચ દર્દી રાજકોટના હતા. જયારે પાંચ રાજકોટ જિલ્લાના વતની હતા. બાકીના છ અન્ય જિલ્લાના રહેવાસી હતા. સ્વાઈન ફલુએ ફરીવાર માથુ ઉચકતા આરોગ્ય તંત્રમા પણ જાણે દોડધામ વ્યાપી ગઈ છે.

**વઢવાણનો અહેવાલ**

વઢવાણ ઘરશાળા વિસ્તારના શકિતનગરમાં સ્વાઈન ફલુના કારણે સગર્ભા મહિલાનું મોત થતા ચકચાર ફેલાઈ છે. આ વિસ્તારમાં ૧૫ દિવસમાં ૩ લોકોના શંકાસ્પદ મોત થયા છે. આમ છતાં જવાબદાર તંત્રે પણ નોંધ શુધ્ધા ન લેતા રહીશોમાં રોષ ફેલાયો છે. જયારે સ્વાઈન ફલુથી મહિલાનું મોત થતા એક દિકરાએ માતાની છત્રછાંયા પણ ગુમાવી હતી.

સુરેન્દ્રનગર જિલ્લામાં રોગચાળાએ માથુ ઉચકતા અને આરોગ્ય તંત્ર દ્વારા કોઈ જ પગલા ન લેતા લોકોમાં રોષની લાગણી ફેલાઈ છે. ત્યારે વઢવાણ ઘરશાળા શકિતનગરમાં રહેતા ૩૨ વર્ષના પરમાર ગૌરીબેન જયેશભાઈ પોતાના પરિવાર સાથે રહેતા હતા.

સગર્ભા ગૌરીબેન બિમાર પડતા સુરેન્દ્રનગરમાં સારવાર લીધી હતી. જેમાં તેમને સ્વાઈન ફલુના રોગમાં સપડાયેલા ગૌરીબેનને અમદાવાદ સિવિલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા. વહેલી સવારે

(અનુસંધાન છઠ્ઠા પાને)

# કાળઝાળ ગરમી અને બફારો હજુ બે દિવસ કેડો નહી મુકે

## ૪૦-૪૪ ડિગ્રી વચ્ચે ફરી આકાશમાંથી અગન વર્ષા : હવામાં ૩૦ થી ૮૫ ટકા જેટલો વધુ પ્રમાણમાં રહેતો ભેજ લોકોને આપે છે ઉકળાટ : ૨૦ થી ૪૦ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે ફુંકાતી અંગ દઝાડતી લૂથી રાહદારી, વાહન ચાલક ત્રસ્ત

રાજકોટ તા.૨૫

રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર કચ્છમાં ગરમીનો કહેર મામુલી વધઘટે યથાવત રહયો છે. તો પશ્ચિમનો કે દક્ષિણ–પશ્ચિમના દરીયાઈ ભેજવાળા પવનની અસર હેઠળ દિવસ રાત અસહય ઉકળાટથી જન જીવન સહિતની જીવ સૃષ્ટિ ત્રાહીમામ જોવા મળે છે તો છેલ્લા બે દિવસથી અવિરત પણ આઠથી ૩૮ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે ફુંકાતી લૂંથી જનજીવન ભારે પ્રભાવિત જોવા મળી રહયું છે.

દરમિયાન હજી આગામી ત્રણેક દિવસ સમગ્ર સૌરાષ્ટ્ર કચ્છ સહિત રાજયભરમાં આકાશમાંથી અગનવર્ષા ચાલુ રહેતા ચાલુ સપ્તાહમાં ગરમી કેડો મુકશે તેવા કોઈ એંધાણ દેખાતા નથી અને શનિવાર સુધી મહતમ તાપમાનનો પારો ૪૦–૪૪ ડિગ્રીની વચ્ચે જળવાઈ રહેવાનો સંકેત પણ હવામાન વિભાગની સ્થાનિક કચેરીના સુત્રો દ્વારા દર્શાવવામાં આવ્યો છે.

ચાલુ સપ્તાહમાં જ આંદામાન નિકોબારથી આગળ વધી નૈઋત્ય ચોમાસુ કેરળમાં બેસી ગયુ છે. છતાં જરૂરીયાત મુજબના આઈશોર જોવા મળતા નહી હોવાથી દેશમાં ચોમાસાના આગમનની વિધિવત જાહેરાત કરવાનું હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી નથી. પણ ચાલુ સપ્તાહના અંત સુધીમાં જાહેરાત થવાની સાથે જ વર્તમાન પવનની દિશા સાનુકૂળ હોવાથી આગામી ૧લી જુન સુધીમાં કેરળથી ગોવા સુધીના સાગરકાંઠાના વિભાગમાં ચોમાસુ સક્રિય થઈને જુનના બીજા સપ્તાહના પ્રારંભ સુધીમાં જ સૌરાષ્ટ્ર કચ્છમાં પણ હસ્તક દે તેવી પુરી સંભાવના હવામાન વિભાગની સ્થાનિક કચેરીના સુત્રોએ સંકેત આપ્યો છે.

જો કે આ માટે હાલમાં પવનની ગતિ દિશા અનુકૂળ છે તે પ્રમાણેનું વાતાવરણ પણ બની રહેવા સાથે ચોમાસાને ખેંચી લાવતી સીસ્ટમ પણ સક્રિય થવી જોઈએ તેવુ પણ વેધશાળાના સુત્રો દ્વારા દર્શાવવામાં આવી છે. તેવામાં હાલ તો સમગ્ર સૌરાષ્ટ્ર–કચ્છમાં મામુલી વધઘટે કાળઝાળ ગરમીનો દૌર શરૂ કર્યો છે તો હજુ આગામી ત્રણ ચાર દિવસ ચાલુ રહેતા ૪૦–૪૪ ડિગ્રી વચ્ચે કે તેની નજીક ગરમીનો કહેર ચાલુ રહેવાનો પણ સંકેત હવામાન વિભાગની કચેરીએ આપ્યો છે.

બે ત્રણ દિવસમાં જ ફરીને પ્રિમોન્સુન એકટીવીટી તેજ બનતા વાદળ છાયા વાતાવરણ વચ્ચે બફારો વધ્યો પણ તાપમાન ઘટવાની આગાહી વચ્ચે ગઈકાલે

(અનુસંધાન છઠ્ઠા પાને)

# જુનાગઢ રેલ્વે સ્ટેશને પડેલા એન્જીનમાં આગ લાગતા દોડધામ

## સ્ટેશન માસ્તર, સ્થાનિક કર્મચારીઓની મદદથી આગને કાબુમાં લેવાતા હાશકારો

જુનાગઢ તા.૨૫

જુનાગઢ રેલ્વે યાર્ડમાં પડેલા એન્જીનમાં આજે સવારે એકાએક આગ ફાટી નીકળતા સ્થાનિક માણસો, યાર્ડ અને પોલીસ ઈન્સ્પેકટરની સમય સૂચકતાથી આગને કાબુમાં લઈ લીધી હતી.

આ અંગે રેલ્વે પીએસઆઈ કે.પી બગડાના જણાવ્યા મુજબ માલ ગાડી માટે એકસ્ટ્રા એન્જીન મંગાવવામાં આવેલ જે આજે સવારે કેશોદ તરફથી આવેલું એન્જીન જુનાગઢ રેલ્વે યાર્ડ પ્લેટફોર્મમાં રોકાયુ હતું.

સવારે સાત કલાકે એન્જીનમાં ધુમાડાના ગોટા જોવા મળતા રેલ્વે સ્ટેશન માસ્તર, યાર્ડનો સ્ટાફ અને રેલ્વે પીએસઆઈ બગડા, પોલીસ જવાનો ઘટના સ્થળે પાણીનો મારો ચલાવી મનપાનો એક ફાયર મંગાવીને એન્જીનની આગને કાબુમાં લઈ લેતા એન્જીન બચી જવા પામ્યુ હતું. આગનું કારણ હજુ જાણી શકાયું નથી.

### ટોલ ન ભરી ત્રણ શખ્સોની ધમાલ

# મુંદ્રાના મોખાના ટોલનાકા પર હુમલા સાથે તોડફોડ

ભુંજ તા.૨૫

કાર્યરત થયા બાદ અત્યાર સુધીમાં જયાં અવારનવાર તોફાની અને હિંસક ઘટનાઓ બની ચુકી છે તેવા મુંદરા તાલુકાના મોખા ગામ પાસેના ટોલનાકા ખાતે ટોલ ભરવાના મુદ્દે ફરી હિંસક ડખ્ખો થઈ પડતાં હુમલા અને તોડફોડ સહિતની ઘટનાઓ બની હતી. આ મામલે વિધિવત પોલીસ ફરીયાદ મહાવ્યથા સહિતની કલમો તળે લખાવવામાં આવી છે.

આ ઘટનામાં માથાકુટ થયા બાદ ત્રણેય ચાર પૈડાવાળી ગાડીમાં આવેલા દશેક શખ્સોના ટોળાએ ફરજ ઉપરના ટોલ કર્મચારી મહેશભાઈને મારમાર્યો હતો. તો સલામતી રક્ષક સાથે પણ માથાકુટ કરી હતી.

(અનુસંધાન છઠ્ઠા પાને)

# જસદણ પંથકની પવનચકકીઓના કારણે ગ્રામજનોને ત્રાસ : માલિકોને બોલાવતા કલેકટર

## અડધો ડઝન ગામના સરપંચો-ધારાસભ્ય અને પવનચકકી માલિકો સાથે આજે મીટીંગ

રાજકોટ તા.૨૫

રાજકોટ જિલ્લાના જસદણ પંથકમાં ડઝન બંધ કંપનીઓએ પોતાના પવનચકકીઓના પ્લાન્ટ નાંખ્યા છે. આવા પવનચકકીના પ્લાન્ટના માલિકો દ્વારા નજીકના ગ્રામજનોને પારાવાર મુશ્કેલીમાં મુકાતા હોવાની તેમજ પવનચકકીના સ્ટાફ દ્વારા ગ્રામજનોને હેરાનગતિ કરવામાં આવતી હોવાની ચોંકાવનારી ફરિયાદ રાજકોટ જિલ્લા કલેકટર ડો.વિક્રાંત પાંડે સુધી પહોંચતા આજે બપોરે રાજકોટ જિલ્લા કલેકટરે અડધો ડઝન ગામના સરપંચો, ગામના આગેવાનો, ધારાસભ્યો તેમજ પવનચકકીના માલિકોને રૂબરૂ બોલાવી સંયુકત મીટીંગ યોજી હોવાનું અધિક નિવાસી કલેકટર હર્ષદ વોરાએ 'સાંજ સમાચાર' સાથેની વાતચીતમાં જણાવ્યું હતું.

રાજકોટ જિલ્લાના જસદણ તાલુકામાં ૨૦થી વધારે ખાનગી કંપનીઓની પવનચકકીઓ હાલમાં ચાલી રહી છે. પવનચકકીની જમીન ફાળવવામાં આવી ત્યારે પણ સ્થાનિક ગ્રામજનોએ ભારે વાંધા વિરોધ ઉઠાવ્યા હતા. ત્યારે કેટલીક ચોકકસ શરતોને આધારે પવનચકકીના માલિકોને સરકારી જમીન ફાળવવામાં આવશે.

(અનુસંધાન છઠ્ઠા પાને)

# રાજકોટમાં ૧૮ જુને યુ.પી.એસ.સી.ની પરીક્ષા મામલે દિલ્હીમાં બેઠક; કલેકટરની ઉપસ્થિતિ

## ૨૯મીએ રાજકોટ કલેકટર સાથે પરીક્ષા સંદર્ભની મહત્વની ચર્ચાઓ કરશે કમિશન

રાજકોટ તા.૨૫

રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરના યુ.પી.એસ.સી.ના પરીક્ષાર્થીઓની ૧૮ જુને રાજકોટના ૨૦ જેટલા પરીક્ષા કેન્દ્રોમાં યુ.પી.એસ.સી.ની પરીક્ષા યોજવામાં આવી છે. આ પરીક્ષાની પુર્વ અને પ્રાથમિક તૈયારીઓની ચર્ચાઓ કરવા માટે યુ.પી.એસ.સી.ના કમિશ્નરે રાજકોટ જીલ્લા કલેકટર ડો.વિક્રાંત પાંડેને ૨૯મીએ દિલ્હી ખાતે ઉપસ્થિત રહેવા મેસેજ કર્યો હોવાનું ટોચના સુત્રોમાંથી જાણવા મળેલું છે.

રાજકોટને છેલ્લા ૨ વર્ષથી સૌરાષ્ટ્ર કક્ષાનું યુ.પી.એસ.સી. પરીક્ષાનું કેન્દ્ર ફાળવવામાં આવ્યુ છે. દર વર્ષે ૨૫૦૦ થી ૩૦૦૦ જેટલા પરીક્ષાર્થીઓ યુ.પી.એસ.સી.ની પરીક્ષા રાજકોટમાં આપે છે. આ પરીક્ષાનું સંચાલન રાજકોટ જીલ્લા કલેકટર દ્વારા કરવામાં આવે છે. યુ.પી.એસ.સી.ના પ્રશ્નપત્રો તેમજ જવાબવહીઓ શીલપેક

(અનુસંધાન છઠ્ઠા પાને)


શીટ મેટલ મશીનરી માટે જોઈએ છે
વેલ્ડરો (વેલ્ડીંગ તથા કટીંગના જાણકાર)
ફિટરો હેલ્પરો
સવારે ૧૦ થી ૧૨:૩૦ અથવા સાંજે ૫ થી ૮ વચ્ચે રૂબરૂ મળો.
ગોડસન એન્જિનિયરીંગ કોર્પોરેશન
ઢેબર રોડ-સાઉથ, ૧/૧૦, અટિકા ઈન્ડસ્ટ્રીયલ એરિયા, રાજકોટ-૩૬૦૦૦૨.

યુ-ફોમ ગાદલા-સોફા મટીરીયલ્સ 30 YEARS
વ્યાજબી ભાવે છુટક તથા જથ્થાબંધ મળશે
લાલા ફોમ એજન્સી
વ્રજ આર્કેડ, ૨-ભકિતનગર સ્ટેશન રોડ, બેંક ઓફ બરોડાની બાજુમાં, રાજકોટ.
સંપર્ક : ૨૪૬૧૮૮૭,૯૮૨૫૩ ૬૦૦૩૩

Godrej Europa
અલ્ટ્રા લોક ચાવી ૫ મિનિટમાં
રાજુ ડીઝીટલ સ્ટુડીયો
ભુતખાના ચોક, ઢેબર રોડ, રાજકોટ.
ફોન : ૨૨૩૩૦૧૨, ૨૨૩૯૭૫૪

પ્લોટ લે-વેચ
● ન્યારી રોડ ● અવધ રોડ
વિરડા વાજડીનાં દરેક સર્વે નં.માં
ઓમ પ્રોપર્ટીઝ નિલેષ: ૯૦૯૯૬ ૪૪૬૬૨

સી.ટી. સ્કેનનાં ચાર્જીસમાં ઘરખમ ઘટાડો
અત્યંત રાહત દરે* સી.ટી. સ્કેન
રાજકોટ ઈમેજીંગ સેન્ટર
વિદ્યાનગર મેઈન રોડ, માઈલસ્ટોન હોસ્પિટલ સામે, રાજકોટ.
ફોન : ૦૨૮૧-૨૪૫૦૫૦૫/૦૬

શ્રી શ્રી નાડી પરિક્ષણ કેમ્પ
THE ART OF LIVING
જેમાં આપને રકતવિકાર, ચામડીના રોગો, જાડાપણું, માનસિક તણાવ, હરસ-મસા, ડાયાબીટીસ, સાંધાના દર્દો, એસિડીટી, કબજીયાત, ગેસ, બી.પી., વાય, નબળાઈ, અનિયમિત માસિક ધર્મ, અનિન્દ્રા જેવી અનેક બીમારીનું નાડી પરિક્ષણ દ્વારા આયુર્વેદિક નિદાન થશે.
બેંગ્લોર આશ્રમમાં ટ્રેનીંગ લીધેલ નાડી ચિકિત્સક દ્વારા સ્વાસ્થ્યનો લાભ લઈએ.
તારીખ : ૨૮-૫-૨૦૧૭ રવિવાર, સમય : સવારે ૯:૦૦ થી સાંજે ૬:૦૦ (રૂા. ૧૫૦/-)
મુસ્કાન એન્ટરપ્રાઈઝ નીમીષ પંજાબી : ૯૮૨૫૦ ૭૮૭૮૧
૧૧૬, આશીષ કોમર્શીયલ કોમ્પ્લેક્સ પહેલા માળે, સરદાર નગર મેઈન રોડ, એપલ બાઈટ રેસ્ટોરેન્ટની સામે, પુજારા મોબાઈલની બાજુમાં રાજકોટ.

રાજકોટથી ડેઈલી સર્વિસ
સમગ્ર દક્ષિણ ગુજરાત
નડીયાદ, પેટલાદ, ખંભાત, આણંદ, બોરસદ, વારદ
બરોડા–પાદરા જંબુસર–આમોદ વાગરા–ભરૂચ
અંકલેશ્વર–કીમ– કામરેજ–કડોદરા–બારડોલી–નવસારી
મરોલી–ચીખલી–બીલીમોરા–વલસાડ–વાપી–દમણ–સેલવાસ.
શ્રી માલણ રોડલાઈન્સ મનીષ રાઠોડ
P.D.M.ફાટક પાસે, ઢેબર રોડ (સાઉથ)
રાજકોટ. મો. ૭૮૭૪૪ ૯૭૫૮૯

PBW BEARINGS
RECRUITMENT
We the FM PBW Bearings Pvt. Ltd. Established in 1948 are engaged in Manufacturing of Industrial Bearings & Having a Joint Venture with US based MNC Situated at Rajkot requires;
PURCHASE MANAGER
Qualification : At least relevant graduate degree
Experience : 3 to 5 years of relevant experience of working in purchase department of a manufacturing company.
Candidates with above criteria only to apply.
FM PBW Bearings Pvt. Ltd.
2 Bhaktinagar Station Plot, Rajkot. 360 002. Phone : (0281) 2461771-2-3-4-5
E-mail : pratik.shah@fmpbw-india.com • Web : www.fmpbw-india.com

